હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન આ ગાજરનો રસ કરી પીવાનો, તેમાં આ બી-૧૨ ગોળી ફ્રી આપુ છુ તે નાખજો... એટલે તમારી તબીયાત એકદમ ફાઇન થઇ જશે...!!

શહેરના સેકટર-૩૦ ડમ્પીંગ સાઈટ પર આગ લાગતા દોડધામ

ગાંધીનગર, તા.૨૫

શહેરના સેકટર-૩૦ મુકિતધામ પાસે આવેલી ડમ્પીંગ સાઈટમાં આજે સવારે કચરાના ઢગમાં ભીષણ આગ ભભુકી ઉઠી હતી. ગણતરીના સમયમાં કચરો સળગી ઉઠતા આગના ગોટે ગાટો દુર દુર સુધી દેખાતા હતા. બનાવની જાણ થતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી પહોંચી ૧૫ હજાર લીટર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે ડમ્પીંગ સાઈટ પર આગ કયાં કારણોસર લાગે છે હજુ સુધી કારણ જાણવા મળ્યું નથી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઉનાળાની કાળઝાળ ગરમીમાં આગની ઘટનાઓ વધુ બનતી હોય છે. ત્યારે ગતરોજ સેકટર-૨૩ ફલેટ ખાતે મીટર બોક્ષમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. તો બીજીતરફ કોર્ટ ગેટ નં.૨ ની સામે પણ ઝુંપડામાં આગ ભભુકી ઉઠી હતી. શહેરના ચ માર્ગ પર કચરા ગાડીમાં આગ લાગતા બળીને રાખ થઈ ગઈ હતી. ફાયરની ટીમે ત્રણેય જગ્યા પર સમયસર પહોંચી આગ પર કાબુ મેળવી વધુ નુકશાન થતા અટકાવ્યું હતું. આજે વહેલી સવારે સેકટર-૩૦ ની ડમ્પીંગ સાઈટ પર એકત્ર કરાયેલ કચરામાં અચાનક આગ લાગી હતી. કચરો સળગી ઉઠવાને કારણે દુર દુર સુધી વાયુ પ્રદુષણ ફેલાતા વાતાવરણમાં દુર્ગંધ પ્રસરી હતી. બનાવની જાણ થતા ફાયર ટીમના જવાનો પહોંચી જઈને ૧૫ હજાર લીટર પાણીનો મારો ચલાવી કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લઈ આગને વધુ પ્રસરતા અટકાવી હતી. સબ ફાયર ઓફિસર કે.જે. ગઢવીએ જણાવ્યું કે ડમ્પીંગ સાઈટ પર કોઈ કારણોસર આગ લાગી હતી. હજજારો લીટર પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં લેવામાં આવી હતી. જયારે આગના બનાવમાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી નથી.

નેહરૂ યુવા કેન્દ્ર-ગાંધીનગર અને એસ.ડી.આર્ટસ અને બી.આર કોમર્સ કોલેજ માણસા દ્વારા કેરિયર ગાઈડન્સ વર્કશોપ આયોજન

ગાંધીનગર, તા.૨૫

નેહરુ યુવા કેન્દ્ર-ગાંધીનગર દ્વારા દર વર્ષે અલગ અલગ તાલુકામાં કેરિયર ગાઈડન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે જેમાં વિષય તજજ્ઞ દ્વારા યુવાનોને કરિયર બાબતે સવિશેષ માહિતગાર કરવા માટે આવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમનું આયોજન નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને એસ.ડી.આર્ટસ અને બી.આર.કોમર્સ કોલેજ, માણસાના સહયોગથી જીલ્લા કક્ષાના કેરિયર ગાઈડન્સ વર્કશોપનું આયોજન તા.૨૭-૦૨-૨૦૨૩ નાં રોજ સવારે:-૦૯:૦૦ કલાકે એસ.ડી.આર્ટસ અને બી.આર.કોમર્સ કોલેજ કેમ્પસ, માણસા ખાતે રાખેલ છે.

હથીયાર સાથે લુંટ વીથ મર્ડર કરતી ટોળકીનો સભ્ય પિસ્ટલ સાથે ઝડપાયો

એલસીબી પોલીસે પિસ્ટલ અને આઠ કારતુસ સહિત રૂ.૩૦ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૨૫

હથીયાર સાથે ધાડ-લુંટ વીથ મર્ડર કરતી ગેંગના એક સાગરીતને મશીન કટ પીસ્ટલ અને ૮ જીવતા કારતુસ સાથે કલોલ અંબિકા બસ સ્ટેન્ડ પાસેથી એલસીબી પોલીસે પકડી પાડ્યો છે.

જયારે આરોપી મર્ડર, લુંટ, ચોરી, આર્મસ એકટ, પાસા પેરોલ જમ્પ જેવા ૧૩ ગંભીર ગુનામાં આચરનાર કુખ્યાત આરોપી છે. એલસીબી પોલીસે મશીન કટ પીસ્ટલ કિં.રૂ.૧૦ હજાર, આઠ જીવતા કાર્ટીઝ કિં.૮૦૦, બાઈક કિં.૧૫ હજાર અને એક મોબાઈલ કુલ કિં.રૂ.૩૦,૮૦૦ થી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પોલીસની ટીમ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ફુલુભા અને દિગ્વિજયસિંહ હરીસિંહને બાતમી મળી હતી કે કલોલ અંબિકા બસ સ્ટેન્ડ આગળ સર્વિસ રોડ પાસેથી અમિત ઉર્ફે હેપ્પી નંદકિશોર શિવહરે (ઉં.૪૦ રહે. હાલ એ-૨૭ કેવડાવાડી વિભાગ-૨ શંકર એસ્ટેટની બાજુમાં સીટીએમ અમદાવાદ), અને મુળ વતન ઉતરપ્રદેશનો વતની છે. અમિત શિવહરે ટોળકી બનાવી રેકી કરી હથીયાર સાથે આંગડીયા પેઢીની લુંટ કરવાની એમઓ ધરાવે છે. પોલીસે તેની પાસેથી મશીન કટ પિસ્ટલ કિ.૧૦ હજાર, આઠ જીવતા કારતુસ કિં.૮૦૦, બાઈક કિં.૧૫ હજાર અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩૦,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીએ સુરત શહેર, વડોદરા, રાજકોટ, અમદાવાદ, જુનાગઢ, બનાસકાંઠા, જેવા મોટા શહેરમાં અનેક ગુનાઓને અંજામ આપી ચુક્યો છે. જે તમામ ગુનામાં આરોપીના નામ સામે આવ્યા છે. પોલીસે આરોપીને પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમેરીકા ગેરકાયદે ઘુસણખોરી પ્રકરણમાં બે એજન્ટ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

અમેરીકામાં ગેર કાયદેસર ઘુસણખોરી કરતા સમયે મેકિસકોની ૩૦ ફુટ ઉંચી દિવાલ પરથી નીચે પટકાતા કલોલ છત્રાલ જીઆઈડીસીમાં ફરજ બજાવતા બ્રિજકુમાર યાદવ નામનો યુવક મોતને ભેટ્યો હતો. જયારે તેની પત્ની અને પુત્રને પણ ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. આ વિદેશી ઘુસણખોરી પ્રકરણમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં અમદાવાદનો એક અને કલોલના છ એજન્ટની ભુમિકા સામેઆવી છે. આ તમામ સામે કલોલ તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. જયારે પોલીસે બે એજન્ટને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ જીઆઈડીસીમાં ફરજ બજાવતા બ્રિજકુમારને અમેરીકાના જવુ હતું. તેથી તે એજન્ટ થકી તેની પત્ની અને માસુમ બાળક સાથે અમેરીકા જવા રવાના થયા હતા.એજન્ટે ૪૦ વ્યકિતઓને અમેરીકા માટે મેકિસકોના રસ્તે મોકલ્યા હતા. અમેરીકામાંઘુસવા માટે ટ્રમ્પ વોલ નામની ૩૦ ફુટ દિવાલ કુદવી પડે છે. ત્યારે કલોલનો પરિવાર ટ્રમ્પ વોલની દિવાલ પરથી નીચે પટકાતા બ્રિજકુમાર યાદવ તેની પત્ની અને દિકરા સાથે નીચે પટકાયા હતા. આ બનાવમાં બ્રિજકુમારનું ગંભીર ઈજાને પગલે મૃત્યુ નિપજયું હતું. જ્યારે તેની પત્ની અને બાળકને સારવાર માટે ખસેડાયા હતા. આ બનાવ બાદ સ્ટેટમોનીટરીંગ સેલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં ૭ એજન્ટ દ્વારા બ્રિજકુમારને ગતતા.૧૮-૧૧-૨૨ ના રોજ ટ્રેન દ્વારા મુંબઈ અને ત્યાંથી તુર્કી દેશ થઈ મેક્સિકો મોકલી આપ્યા હતા. પોલીસની વધુ તપાસમાં બ્રિજકુમારને ગેરકાયદેસર અમેરીકા મોકલવા માટે તુર્કીદેશની એમ્બેસીમંથી વિઝા મેળવવા કેરલી અરજી સાથે રજુ કરેલા દસ્તાવેજ અને બેંક એકાઉન્ટની વિગત ખોટી અને બનાવટી હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે અમદાવાદ અને ગાંધીનગરના એજન્ટો સામે કલોક તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે ૭ એજન્ટ પૈકી સાહિલ ધીરેન્દ્રકુમાર વ્યાસ (રહે વેડા, પલીયડ કલોલ) અને સૌરભ પ્રહલાદભાઈ પટેલ (રહે ઉત્સવ એપાર્ટમેન્ટ કલોલ) ની અટકાયત કરવામાં આવી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે. આજે જિલ્લા પંચાયતમાં વિડીયો કોન્ફરન્સમાં હાજરી આપવા માટે આવ્યા હતા.

● આજે જળશક્તિ યોજના અંતર્ગત અમૃત સરોવરને લઈ કેન્દ્ર સરકારે તમામ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક વિડીયો કોન્ફરન્સથી કરી હતી.

● ગાંધીનગર કલેક્ટર કચેરીમાં બે દિવસ માટે વીજ પુરવઠો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. કેબલ તેમજ મેઈન્ટેનન્સને લઈ આ વીજ પુરવઠો બંધ રખાયો છે.

● ગાંધીનગર શહેરમાં બેવડી ઋતુના કારણે વાઈરલ ફિવરના કેસો વધી રહ્યા છે.

● ગાંધીનગર ડેપોમાં એક મહિલાની સોનાની ચેઈન સેરવી ગઠિયો ફરાર થયાની ઘટના નોંધાઈ છે.

● કલોલમાં તસ્કરોએ એક ખાનગી કંપનીની ઓફિસને નિશાન બનાવી રૂ. ૪,૭૦,૮૦૦ની મત્તાની ચોરીની ફરિયાદ નોંધાઈ છે.

● શાહપુર પ્રા. શાળાના આચાર્યનું હરિદ્વાર રૂડકી ખાતે ટીચર આઈકોન એવોર્ડ-૨૦૨૩થી સન્માન કરવામાં આવ્યુ છે.

● રૂપાલ ગામે વરલી મટકા રમનાર બેઈસમોને પોલીસે પકડી પાડ્યા છે.

● કલોલના પૂર્વ અનાજ માર્કેટ યાર્ડ કમ્પાઉન્ડથી બાજુમાં ૩ શકુનિયોને જુગાર રમતા ઝડપી લીધા છે.

● દહેગામ તાલુકાના લિહોડા ગામે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પો. દ્વારા મોકડ્રીલ યોજાઈ હતી.

● માણસાના અંબોડ ગામ ખાતે અજાણ્યા વાહનચાલકે મહિલાને ટક્કર મારતાં મહિલા ઈજાગ્રસ્ત થઈ છે.

● કલોલમાં રોહિત સમાજ સેવા મિશન દ્વારા સમુહલગ્નનું આયોજન કરાયુ હતુ.

● માણેકપુર ખાતે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરાયુ હતુ.

● કલોલ ન.પા.એ દબાણ હટાવવાની ઝુંબેશ દસ દિવસ લંબાવવાનો નિર્ણય કર્યો છે.

● માણસા કોલેજ ખાતે માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ હતી.

● દહેગામ પંથકમાં એકલા જઈ રહેલા એન્જીનની ટક્કરથી એક વ્યક્તીનું મોત થયાની ઘટનાથી શહેરમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વના વિદ્યાર્થીઓ દિલ્હી સ્થિત IIMCની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત યુનિવર્સિટીના માસ્ટર ઈન માસ કમ્યુનિકેશન અને જર્નાલિઝમના વિદ્યાથી ઓએ દિલ્હી સ્થિત IIMCની મુલાકાત લઈ મીડિયા અને કોમ્યુનિકેશન ક્ષેત્રની સંભાવનાઓ વિષે ચર્ચા કરી હતી.વિદ્યાર્થીઓને આ પ્રસંગે અધ્યાપકો દ્વારા IIMCના વિવિધ કોર્ષ અંગે માર્ગદર્શિત કરાયા હતા. IIMCની અદ્યતન લાઈબ્રેરી અને કેમ્પસમાં કાર્યરત અપના રેડિયો સ્ટેશનની કામગીરી વિદ્યાર્થીઓએ નિહાળી હતી. IIMCના અધ્યાપક પ્રો. પ્રમોદકુમાર અને ગોવિંદસિંહે ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓનું સ્વાગત કરી પત્રકારત્વ ક્ષેત્રે ઉચ્ચ આયામો ચરિતાર્થ કરવા શુભકામનાઓ આપી હતી. આ શૈક્ષણિક પ્રવાસમાં ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગ તરફથી ડૉ. પાર્થ પટેલ અને હિંતાશી કટારિયા જોડાયા હતા.

ચિલોડા મોટા ઓમ લેન્ડ માર્ક સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ ઉજવાયો

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા સ્થિત ઓમ લેન્ડ માર્ક સ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવ નિમિત્તે ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટસ સ્કૂલ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના ડાયરેક્ટર કૌશિકભાઈ પટેલની રાહબરી હેઠળ એન્યુઅલ મીટ-૨૦૨૨-૨૩ ઓમ લેન્ડ માર્ક સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે શારીરિક ક્ષમતા-કૌશલ્યોમાં વધારો થાય તે માટે વાર્ષિક રમત ઉત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં આચાર્ય, રમતવીરો, વિદ્યાર્થીઓ તથા તમામ શિક્ષણગણ, કેમ્પસ ડાયરેક્ટર, ટ્રસ્ટીઓવગેરેએભાગ લીધોઅનેપ્રોત્સાહન પુરૂ પાડ્યુહતુ.

ચિલ્ડ્રન યુનિવર્સિટી પરિસરમાંથી

૨૦ દેશના રાષ્ટ્ર ધ્વજ સાથે લોખંડની ફ્રેમોની ચોરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરની ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા જી-૨૦ સમિટની ઉજવણી કરવામાં આવી હતી. આ અન્વયે પરિસરની બહાર સાઈડમાં ફુટપાથની પાસે ૨૦ દેશના રાષ્ટ્રધ્વજ સાથેની લોખંડની ફ્રેમો પણ ચોર શખ્સો ચોરી કરી પલાયન થઈ ગયા છે. ત્યારે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ મેળવી આગળની વધુ તપાસ હાથ ધરી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલ્ડ્રન યુનિવર્સિટીના આસીસટન્ટ રજીસ્ટ્રાર તરીકે ડેનીશા રામપ્રસાદ અગ્રાવત ફરજ બજાવે છે.ગતતા.૨૬ મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે ભારતને જી-૨૦ સમિટની અધ્યક્ષતા મળેલી છે. જેથી ઉજવણી અન્વયે વિવિધ દેશના ૨૦ રાષ્ટ્રધ્વજ સાથેની લોખંડની ફ્રેમો યુનિવર્સિટીની બહારની બાજુએ લગાવેલી હતી. ત્યારે તા.૨૨ મી ફેબુઆરીએ યુનિવર્સિટીનું જનરલ ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું.

ત્યારે આ ૨૦ દેશના રાષ્ટ્રધ્વજ સાથેની લોખંડની ફ્રેમો ચોરી થઈ ગઈ હોવાનું સામે આવ્યું હતું. જેથી કેમ્પસમાં સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા.

જેમાં તા.૧૪ ફેબુઆરીના રોજ બપોરના સાડા બાર વાગે અરસામાં એક અજાણ્યો શખ્સ લોખંડની ફ્રેમો લઈ જતા કેમેરામાં કેદ થયો છે.

જેને પગલે યુનિવર્સિટીના ઉચ્ચ અધિકારીની સુચનાને પગલે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૬૦ હજારની લોખંડની ફ્રેમોની ચોરીની ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પાલજ ગામમાં હોળીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

પાલજ ગામમાં ઘણાજ વર્ષોથી હોળીનો મહીમાં પરંપરાગત ચાલે છે, હોળીનો મોટો મેળો ભરાય છે, પાલજ મહાકાળી માતાજીના મંદિરે લોકો હોળીના અંગારા ઉપર ખુલ્લા પગે ચાલે છે અને પોતાની મનોકામના પૂર્ણ કરે છે. જેથી તા. ૬-૩-૨૦૨૩ને સોમવારના રોજ હોળી હોવાથી સાંજે ૬ કલાકે હોળી પ્રગટાવવામાં આવશે.

ચૌધરી આર્ટસ કોલેજની વિદ્યાર્થીની ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

ગાંધીનગર, તા. ૨૫

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની હોમસાયન્સ વિભાગની વિદ્યાર્થીની કુ. ઝલ્લરી મહેતાએ મલેશિયામાં આયોજીત ક્યુલીનરી વર્લ્ડ કપ કોમ્પીટીશન ૨૦૨૩માં ભાગ લીધો હતો. આ કોમ્પીટીશીનમાં જુદી જુદી કુલ ૧૧ કેટેગરીમાં કુલ ૭૫૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં કુ. ઝલ્લરી મહેતાએ ૩-ડી કેકમાં ગોલ્ડ મેડલ, સ્લીવર મેડલ તથા તેમની ટીમ મેમ્બર્સે સૌથી વધુ મેડલ્સ જીતી સમગ્ર વિશ્વમાં ભારતને વર્લ્ડ ચેમ્પીયનનું બીરૂદ અપાવી ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યુ હતુ. શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ રણછોડભાઈ ચૌધરી, સમગ્ર મંડળના હોદ્દદાર, કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી, હોમસાયન્સ વિભાગ તથા સમગ્ર કોલેજ પરિવારે તેમની આ સિદ્ધિ બદલ તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા પચીસમો રજતજયંતી સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત "પચીસમો રજતજયંતી સમૂહ લગ્નોત્સવમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા જય અંબે પાર્ટી પ્લોટ,કોલવડા ખાતે હાજરી આપી હતી.

મેયર એ જણાવ્યું હતું કે સમાજના આવા આયોજન દીકરીઓનાં માતા-પિતાની ચિંતા હળવી કરતા સામાજિક સમરસતાના ઉદ્દીપક છે.

મેયર એ આ સુંદર કાર્યને બિરદાવીને તમામ નવ દંપતીઓને સુખી લગ્ન જીવનની હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

મધુર ડેરી,ઇલેક્ટ્રોનિક્સ એસ્ટેટ,'ક' રોડ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર ૩૮૨૦૨૪, ફોન નંબર-૨૩૨ ૮૭૧૩૪ થી ૩૮

ટેન્ડર નોટિસ

ગાંધીનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ, મધુર ડેરી ખાતે નીચે જણાવ્યા પ્રમાણે સ્ક્રેપ વસ્તુઓના વેચાણ માટે ટેન્ડર બહાર પાડવામાં આવે છે.ટેન્ડરની કોપી સંસ્થાની ઓફિસ માંથી નીચે જણાવેલ સમય દરમિયાન રૂ.૧૦૦૦ (નોન રીફંડેબલ) રૂબરૂ રોકડા ભરીને મેળવી લેવાની રહેશે, અને ટેન્ડરની આખર તારીખ સુધીમાં સંસ્થામાં સીલબંધ કવરમાં ભાવ પત્રક અને જરૂરી ડોકયુમેન્ટ સાથે જમા કરાવવાના રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ભાવપત્રક કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.ટેન્ડર/ઑફર/ભાવ સ્વીકારવા કે ના સ્વીકારવાનો તેમજ સદર જાહેરાત કેન્સલ કરવાનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

ક્રમાંક	ટેન્ડરની વિગત	ટેન્ડર ફી (નોન રીફંડેબલ)	ટેન્ડર વિતરણની તારીખ અને સમય	ટેન્ડર જમા કરવવાની આખર તારીખ અને સમય
૦૧	"બિનવપરાશી / બિનઉપયાગી મશીનરી સ્ક્રેપ જેવી કે મિલ્કપાઉચ પેકીગ મશીન, મિલ્ક ટ્રાન્સફર પંપ, કેન વૉશર પંમ્પ, એસ.એસ. કંન્ટ્રોલ પેનલ ફોર સી.આઈ.પી. સીસ્ટમ, બંધ ડીપ ફ્રીજ, ડેરી માલસામાન જેવા કે એલ્યુમીનીયમના તુટેલા કાણા, ઢાંકણ, એલ્યુમિનિયમના કેન, એસ.એસ. કેન, એસ.એસ.અને લાકડામાં બનેલી તુટેલી ડેડ સ્ટોક હેડ ની આઈટમ, લેબ ઈકવીપમેન્ટ, તુટેલું ફર્નીચર (એમ.એસ.માં બનાવેલ પાર્લર) પીવીસી તથા લાકડાનુ, પરચુરણ એસ.એસ. સ્ક્રેપ, પરચુરણ એમ.એસ.સ્ક્રેપ તથા મશીનરી સ્ક્રેપ, બંધ કોમ્પ્યુટર હાર્ડવેર અને અન્ય સ્ક્રેપ મટીરીયલ્સ વેચાણથી લઈ જવા માટેનું ટેન્ડર ફોર્મ"	રૂ. ૧૦૦૦/-	૨૭/૨/૨૦૨૩ (૯-૩૦થી૧૭-૦૦) થી ૬/૩/૨૦૨૩ ૧૪:૦૦ કલાક સુધી	૦૬/૦૩/૨૦૨૩ ૧૬:૦૦ કલાક સુધી
૦૨	" બિનવપરાશી / બિનઉપયોગી પ્લાસ્ટિક સ્ક્રેપ જેવી કે તુટેલી પ્લાસ્ટિક ક્રેટ, પ્લાસ્ટીકમા બનેલી તુટેલી ડેડસ્ટોક હેડ ની આઈટમ, પીવીસી સ્ક્રેપ, તથા પરચુરણ પ્લાસ્ટિક ભંગાર તથા પ્લાસ્ટીક સ્ક્રેપ - અને અન્ય પ્લાસ્ટિક સ્ક્રેપ મટીરીયલ્સ વેચાણથી લઈ જવા માટેનું ટેન્ડર ફોર્મ"	રૂ. ૧૦૦૦/-	૨૭/૦૨/૨૦૨૩ (૯-૩૦ થી ૧૭-૦૦) થી ૦૬/૦૩/૨૦૨૩ ૧૪:૦૦ કલાક સુધી	૦૬/૦૩/૨૦૨૩ ૧૬:૦૦ કલાક સુધી

સહી/-
મેનેજીંગ ડિરેક્ટરશ્રી
ગાં.જિ.સ.દૂ.ઉ.સં.લિ., મધુર ડેરી, ગાંધીનગર